नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – **10**
No. of Printed Pages – **4**

# S-73-Gujarati (T.L.) (Supp.)

# माध्यमिक पूरक परीक्षा, 2018
# SECONDARY SUPPLEMENTARY EXAMINATION, 2018

# ગુજરાતી
# (GUJARATI)
## (THIRD LANGUAGE)

**समय : $3\frac{1}{4}$ घण्टे**

**पूर्णांक : 80**

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

(1) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(2) દરેક પ્રશ્ન કરવા ફરજિયાત છે.

(3) પ્રત્યેક પ્રશ્નનો જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

(4) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

(6) પ્રત્યેક પ્રશ્નનો જવાબ ગુજરાતી ભાષામાં લખવાનો છે.

1. નીચેનો અપઠિત ગદ્યાંશ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો : **10**

માનવીના દુઃખનું સૌથી મોટું કારણ એની મનોદશા છે. એના મનને જે છે એનો આનંદ નથી, પણ જે નથી તેનો અસંતોષ છે. માનવીનું મન કાં તો ભૂતકાળના કારાગૃહમાં કેદ હોય છે અથવા તો ભવિષ્યનાં દીવાસ્વપ્નોની ભૂલભુલામણીમાં ભટકતું હોય છે. મનની આવી દશા માનવીને વર્તમાનના આનંદથી વંચિત રાખે છે. માનવીની મનોદશા આશાને સહારે જીવતી રહેવા ટેવાયેલી છે. જે કામનાથી ગઈ કાલે સુખ ના મળ્યું તે આજે મળશે તેમ માનવીનું મૂરખ મન માની લે છે. વર્ષોથી વલવલતી વાસનાનાં મૃગજળ કદાચ કાલે સાચાં ઠરશે, જે હજી સુધી નથી થયું તે હવે થશે, જે કોઈકને જ મળ્યું છે તે સુખ મને પણ મળશે એવી અટપટી આશાભરી મનોદશાથી માનવી અતૃપ્ત અને અસંતુષ્ટ જીવન જીવી રહ્યો છે. યાદ રાખો કે આનંદ માણવા માટેની સાચી ક્ષણ તો વર્તમાન ક્ષણ જ છે.

**પ્રશ્નો :**

(i) માનવીના દુઃખનું સૌથી મોટું કારણ કયું છે ? **2**

(ii) માનવીને વર્તમાનના આનંદથી કોણ વંચિત રાખે છે ? **2**

(iii) મૃગજળ જેવી મનોદશાથી માનવી કેવું જીવન જીવી રહ્યો છે ? **2**

(iv) આનંદ માણવા માટેની સાચી ક્ષણ કઈ છે ? **2**

(v) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો. **2**

2. નીચેનામાંથી ગમે તે **એક** વિષય પર નિબંધ લખો : **10**

(i) વૃક્ષ વાવો પર્યાવરણ બચાવો

(ii) મારો પ્રિય તહેવાર

(iii) પરિશ્રમ એ જ પારસમણિ

(iv) આધુનિક સાધનો – શાપ કે આશીર્વાદ

(v) દીકરી, ઘરની દીવડી

3. તમારી સંસ્થામાં યોજાયેલ રમતોત્સવનો અહેવાલ લખો. **5**

4. વ્યાકરણ : **15**

(અ) (i) જોડણી સુધારી લખો : **1**

નીર્મળ, વિરાંગના

(ii) વિરૂદ્ધાર્થી શબ્દ લખો : **1½**

જ્ઞાન, સાંજ, કઠિન

(iii) સમાનાર્થી શબ્દ લખો : **1½**

સાગર, મા, શરીર

(બ) (i) રૂઢિપ્રયોગોનો અર્થ લખો : **2**

સૌ સારા વાના થવા.

માથે હાથ મૂકવો.

(ii) વિશેષણ ઓળખાવો : **1**

રણ પ્રદેશમાં ઓછો વરસાદ પડે છે.

ગંગા પવિત્ર નદી છે.

(સ) (i) યોગ્ય વિરામ-ચિહ્નો મૂકો : **2**

મારી મા બેડમિન્ટનની ખેલાડી હતી

તું શુ કરે છે

(ii) વાક્યના પ્રકાર જણાવો : **2**

આજે લાડનું જમણ નથી.

તું ક્યાં જાય છે ?

(દ) (i) સંધિ વિચ્છેદ કરો : **2**

કાર્યાલય

પરીક્ષા

(ii) સમાસનો વિગ્રહ કરો. **2**

ત્રિભુવન

સુખદુઃખ

'ગદ્ય' 20

5. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો : (કોઈ ત્રણ) 9

(i) 'દેશ ભક્ત જગડુશા' પાઠમાં રાજાને કઈ વાતની ચિંતા છે ?

(ii) લેખિકાનાં માતા-પિતા કઈ રમતના ખિલાડી હતાં ?

(iii) લેખકે ક્યારથી માટી ખાવાનું શરૂ કર્યું હતું ?

(iv) કઠિયારાઓ જે વૃક્ષ કાપી રહ્યા હતા તે કેવું હતું ?

6. નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ બે) 8

(i) લેખકને વિનંતી કરતાં રીક્ષાવાળો શું કરે છે ?

(ii) લોકો શા માટે મેયરને ધન્યવાદ આપે છે ?

(iii) પ્રકૃતિને શા માટે માતા ગણવામાં આવી છે ?

7. નીચેના પ્રશ્નોમાંથી કોઈ **એક** પ્રશ્નનો જવાબ તમારા શબ્દોમાં લખો : 3

પાણીનો વ્યય અટકાવવા માટે તમે શું કરશો તે લખો.

**અથવા**

લેખકનો માટી પ્રેમ વર્ણવો.

'પદ્ય' 20

8. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો : (કોઈ ત્રણ) : 9

(i) જ્ઞાન મેળવવા માટે શું કરવું જોઈએ ?

(ii) દામોદર દોશી કાવ્યમાં ભગવાન માટે કયા-કયા નામો વપરાયાં છે ?

(iii) હવે કોઈને કવિતામાં કવિને કયો પ્રશ્ન સતાવે છે ?

(iv) સૂર્યની આદતોને સુધારવા માટે કોની જરૂર સતાવે છે ?

9. નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ બે) 8

(i) દામોદર દોશી કાવ્યમાં લોકો શા માટે આભા બની જાય છે ?

(ii) ઢોંગી ગુરુઓ પર કટાક્ષ કરતાં અખો શું કહે છે ?

(iii) કવિએ ફૂલોને કરેલી વિનંતીનું વર્ણન કરો.

10. નીચેનામાંથી કોઈ **એક** પ્રશ્નનો જવાબ તમારા શબ્દોમાં લખો : 3

સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયના વાતાવરણનું વર્ણન કરો.

**અથવા**

મંદિરમાં દર્શન કરતી વખતે તમને કેવી અનુભૂતિ થાય છે, તેનુ આલેખન કરો.